-૧૨૮

ગુજરાત રાજ્ય સહકારી ખાંડ ઉદ્યોગ સંઘ લિ.
ગાંધીનગર
તારીખ 10 JUN 2024
આવક ક્રમાંક : 228 (222)

સને ૨૦૨૪-૨૫ ચાલુ બાબત.
સામાન્ય વિસ્તાર(રુ.૧૦ લાખ)/આદિજાતિ વિસ્તાર (રુ.૧૧ લાખ), ખાંડ સહકારી મંડળીઓને લાંબાગાળાની લોન સામે વ્યાજ રાહતઆપવાની યોજના .

ગુજરાત સરકાર
કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક:- ACD/KEF/e-file/2/2023/4973/01/KH
સચિવાલય, ગાંધીનગર
તારીખ: /૦૨/૨૦૨૪

**વંચાણે લીધા:-**

(૧) ભારત સરકારશ્રીના ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલયના અન્ન અને જાહેર વિતરણ વિભાગના જાહેરનામા ક્રમાંક : ૧(૪)/૨૦૧૯.એસ.પી.૧ તા.૦૨/૦૩/૨૦૧૯

(૨) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૦૮/૦૭/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક:- સીએસકે/૧૦૨૦૧૮/વિ.૨/ખ

(3) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૧૭/૦૫/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક:- સીએસકે/૧૦૨૦૨૦/૧૩૧૪/ખ

(૪) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૧૧/૦૪/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક:- સીએસકે/૧૦૨૦૨૧/૧૨૮૪/ખ

(૫) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૧૮/૦૪/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક:- સીએસકે/૧૦૨૦૨૨/૧૩૪૦/ખ

(૬) ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૦૯/૦૨/૨૦૨૪ નો પત્ર ક્રમાંક:- સામ/૦૧/ ખ/૭૫/૨૦૨૪

**આમુખ:-**

ભારત સરકારશ્રીના ઉપર્યુક્ત વંચાણમાં લીધા ક્રમાંક: (૧) ના તા.૨/૩/૨૦૧૯ નાજાહેરનામા થી જાહેર કરેલ એફ.આર.પી. મુજબના શેરડીના ભાવો માટે વર્ષ ૨૦૧૮-૧૯ ના શેરડીના બાકી પેમેન્ટ ચુકવવા માટે મેળવેલ લોન અંગેની સોફ્ટલોન વ્યાજ સહાય માટેની જાહેર કરેલ યોજના હેઠળ રાજ્યની ખાંડ સહકારી મંડળીઓ દ્વારા સંલગ્ન હેતુ માટે લીધેલ બેંક લોનની રકમ પર ભારત સરકારશ્રી દ્વારા આ લોન ઉપાડની તારીખથી ચુકવવામાં આવનાર વ્યાજ સહાયની એક વર્ષની અવધિ પુર્ણ થયા બાદ રાજ્ય સરકારશ્રી દ્વારા આ હેતુ માટે ખાંડ સહકારી મંડળીઓએ લીધેલ લાંબાગાળાની લોનની રકમ પર વ્યાજ રાહત આપવા ઉપર્યુક્ત વંચાણમાં લીધા ક્રમાંક: (૨) ના ઠરાવથી રાજ્ય સરકાર દ્વારા નવી બાબત અમલમાં મૂકવામાં આવેલ હતી. વંચાણે લીધા ક્રમાંક: (૫) ના ઠરાવથી સને ૨૦૨૩-૨૪ હેઠળ આ યોજનામાં ચાલુ બાબતમાં જોગવાઈ કરવામાં આવેલ હતી. વંચાણે લીધા ક્રમાંક: (૬) ના ખાંડ નિયામકશ્રીના તા.૦૯/૦૨/૨૦૨૪ ના પત્રથી સને ૨૦૨૪-૨૫ ના નાણાંકીય વર્ષના અંદાજપત્રમાં સામાન્ય વિસ્તાર માટે આ યોજનામાં રૂા.૧૦.૦૦/- લાખની અંદાજપત્રીય જોગવાઈ તથા આદિજાતિ વિસ્તાર માટે આ યોજનામાં રૂા.૧૧.૦૦/- લાખની અંદાજપત્રીય જોગવાઈ સાથે આ યોજનાને ચાલુ બાબત તરીકે મંજુરી આપવાની કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

સરકારશ્રી, પુખ્ત વિચારણાને અંતે રાજ્યની ખાંડ સહકારી મંડળીઓને શેરડી પિલાણ સિઝન ૨૦૧૮-૧૯ ના શેરડીના બાકી પેમેન્ટ ચુકવવા માટે લીધેલ લાંબાગાળાની લોનના ઉપાડની તારીખથી એક વર્ષ પછી, નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ થી વ્યાજ રાહત આપવાની આ નવી બાબતની યોજનાને સામાન્ય વિસ્તાર/આદિજાતિની ચાલુ બાબત તરીકે રાજ્યના સને ૨૦૨૪-૨૦૨૫ ના નાણાંકીય વર્ષના અંદાજપત્રમાં સામાન્ય વિસ્તાર માટે રૂા.૧૦.૦૦/- લાખ (અંકે રૂા.દસ લાખ પુરા) તથા આદિજાતિ વિસ્તાર માટે રૂા.૧૧.૦૦/- લાખ (અંકે રૂા. અગિયાર લાખ પુરા) ની જોગવાઇને આથી નીચે દર્શાવેલ શરતોને આધીન વહીવટી મંજૂરી આપવાનું ઠરાવે છે.

**શરતો:-**

(૧) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારશ્રી દ્વારા વખતો વખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે તથા યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલકરવાનો રહેશે.

(3) આ મંજુરી અન્વયે જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૪) ભારત સરકારશ્રીના તા.૦૨/૦૩/૨૦૧૯ ના જાહેરનામા ક્રમાંક: 1(4)/2019-S.P-I થી જાહેર કરેલ એફ.આર.પી. મુજબના શેરડીના ભાવો માટે વર્ષ ૨૦૧૮-૧૯ ના શેરડીના બાકી પેમેન્ટ ચુકવવા માટે મેળવેલ લોન અંગેની સોફ્ટલોન વ્યાજ સહાય માટેની જાહેર કરેલ યોજના હેઠળ રાજ્યની ખાંડ સહકારી મંડળીઓ દ્વારા સંલગ્ન હેતુ માટે લીધેલ બેન્ક લોનની રકમ પર ભારત સરકારશ્રી દ્વારા આ લોન ઉપાડવાની તારીખથી ચુકવવામાં આવનાર વ્યાજ સહાયની એક વર્ષની અવધિ પૂર્ણ થયા બાદ રાજ્ય સરકારશ્રી દ્વારા ખરેખર ચુકવવામાં આવનાર વ્યાજ અથવા ૭ ટકા અથવા એ બે માંથી જે ઓછું હોય તેટલી રકમ વધુમાં વધુ ૪(ચાર) વર્ષ માટે અથવા લોન રીપેમેન્ટ (બેમાંથી જે વહેલું હોય) તે માટે વ્યાજ રાહત આપવાની રહેશે.

(૫) જે ખાંડ સહકારી મંડળીઓ ભારત સરકારશ્રીની યોજના અંતર્ગત શેરડી પિલાણ સિઝન ૨૦૧૮-૧૯ ના શેરડીના એફ.આર.પી. મુજબના શેરડીના બાકી પેમેન્ટ ચુકવવા માટે મેળવેલ લાંબા ગાળાની લોનના ઉપાડની તારીખથી પ્રથમ વર્ષ પછી, તા.૧/૪/૨૦૨૦ અથવા પ્રથમ વર્ષ પૂર્ણ થાય તે બે માંથી જે મોડુ હોય ત્યારથી મેળવેલ લાંબાગાળાની સોફ્ટલોન ઉપર

રાજ્ય સરકાર દ્વારા ખરેખર ચુકવવામા આવનાર વ્યાજ અથવા ૭ ટકા અથવા બે માથી જે ઓછું હોય તેટલી રકમ વધુમા વધુ ૪ (ચાર) વર્ષ માટે અથવા લોન રીપેમેન્ટ (બે માંથી જે વહેલું હોય) તે માટે આપવાની રહેશે.

(૬) નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં રજુ કરવાના વ્યાજ રાહત દાવાની દરખાસ્તો ત્રિમાસિક ધોરણે (જુન સપ્ટેમ્બર, ડિસેમ્બર) સંબંધિત જિલ્લા રજીસ્ટ્રાર મારફત તેઓના સ્પષ્ટ અભિપ્રાય સહ, આ સાથે સામેલ ચેકલીસ્ટ (અનુસુચિ-૧) મુજબ પ્રથમ દાવાની દરખાસ્ત સાથે લાંબાગાળાની લોન અરજી, લોન મંજુરી અંગેનો બેંકનો પત્ર, લોન ઉપાડની તારીખથી દાવાની તારીખ સુધીનું બેંક સ્ટેટમેન્ટ અને ખરેખર ચુકવવામાં આવનાર વ્યાજ અથવા ૭ ટકા બેમાંથી જે ઓછું હોય તે મુજબ વ્યાજ સહાયની આકારણીના પત્રક ઓડીટર મારફત પ્રમાણિત કરી, ખાંડ સહકારી મંડળીની વ્યવસ્થાપક સમિતિમાં વર્ષ ૨૦૧૮-૧૯ નું શેરડી પેમેન્ટ બાકી ન હોવા અંગે તથા આ યોજનાના ઠરાવની તમામ શરતોનું પાલન કરવામાં આવશે અને નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવામાં આવશે તે સબબનો ઠરાવ પસાર કરી, ઠરાવની નકલ સહ ખાંડ નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને રજૂ કરવાની રહેશે. ખાંડ નિયામકે સદરહુ દરખાસ્ત કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગને રજુ કરવાની રહેશે.

(૭) વ્યાજ રાહતના પ્રથમ દાવાની દરખાસ્ત પછી, અન્ય બે દાવાઓની દરખાસ્ત સાથે માત્ર (અનુસુચિ-૧) અને બેંક સ્ટેટમેન્ટની દાવાની પીરીયડની અધિકૃત નકલ, અગાઉનો વ્યાજ રાહત દાવો લોન એકાઉન્ટમાં જમા થયા અંગેના બેંકના ઓથોરાઈઝડ ઓફિસરના પ્રમાણપત્ર અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ/મેનેજીંગ ડિરેક્ટરશ્રી દ્વારા આ હેતુ માટેની લાંબાગાળાની લોનના એકાઉન્ટમાં વ્યાજ સહાયની રકમો જમા થયેલ હોવાનું પ્રમાણિત કરી દરખાસ્ત સુચવ્યા મુજબના અધિકારીશ્રી મારફત રજુ કરવાની રહેશે.

(૮) આ યોજનાનું અમલીકરણ ખાંડ નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે કરવાનું રહેશે.

(૯) આ યોજનાની કોઈપણ શરતનો ભંગ થયેલ જણાયેથી ૭ ટકા લેખે ચુકવેલ રકમ તથા ૨ ટકા દંડનીય વ્યાજ સહિત સહાયની ઉપાડ તારીખથી સરકારશ્રીમાં પરત ભરપાઈ કરવાના રહેશે.

(૧૦) સદરહુ દરખાસ્તો રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવે ત્યારબાદ વખતોવખત ખાંડ નિયામકના હવાલે મૂકવામાં આવનાર ગ્રાન્ટની ફાળવણી સંબંધિત જિલ્લા રજીસ્ટ્રારશ્રીને કરવાની રહેશે. મંજુર થયેલ સહાયની રકમ જિલ્લા રજીસ્ટ્રારશ્રીએ બારોબાર બેંકના આ હેતુ માટેની લાંબાગાળાની બેંક લોન એકાઉન્ટમાં RTGS અથવા NEFT થી જમા આપવાના રહેશે.વધુમાં ખાંડ સહકારી મંડળી દ્વારા લેવામાં આવેલ ઉપરોક્ત લોનનું એકાઉન્ટ બંધ થઇ ગયેલ હોય તો ખાંડ સહકારી મંડળીના ચાલુ બેંક ખાતામાં સહાયની રકમ જિલ્લા રજિસ્ટ્રારશ્રીએ RTGS અથવા NEFTથી જમા આપવાના રહેશે.

(૧૧) સંબંધિત બેંક પાસેથી વ્યાજ રાહત પેટેની રકમ ખાંડ સહકારી મંડળીના આ હેતુ માટેની લાંબાગાળાની લોન ખાતામાં જમા થયા અંગેનું અધિકૃત અધિકારશ્રીનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. તે સંબંધિત જિલ્લા રજીસ્ટ્રાર મારફત તુરત જ ખાંડ નિયામકને મોકલી આપવાનું રહેશે. તેમજ ત્યારપછીના વ્યાજરાહતના દાવાની દરખાસ્તના બિડાણમાં રજુ કરવાનું રહેશે.

(૧૨) ચાલુ નાણાંકીય વર્ષમાં ત્રિમાસિક ધોરણે રજુ થતાં વ્યાજસહાયના દાવા ત્રિમાસ પૂર્ણ થયેથી ૧૦ મી તારીખ સુધીમાં જિલ્લા રજીસ્ટ્રાર મારફત ખાંડ નિયામક સમક્ષ રજુ કરી દેવાના રહેશે. આ તમામ દરખાસ્તો ખાંડ નિયામક દ્વારા સમયસર કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ સમક્ષ રજૂ કરવાની રહેશે. છેલ્લા ત્રિમાસ એટલે કે, જાન્યુઆરીથી માર્ચ સુધીના વ્યાજ સહાયની દરખાસ્ત આગામી વર્ષના પ્રથમ ત્રિમાસના પ્રથમ માસમાં, આગામી નાણાંકીય વર્ષની વહીવટી મંજુરીના ઠરાવની શરતો મુજબ રજુ કરવાની રહેશે.

(૧૩) આ યોજનાના ઢાચાં મુજબ તેના અમલીકરણ સંદર્ભે પારદર્શિતા તેમજ કોઈ અનિયમિતતા ન ઉદભવે તેની તકેદારી ખાંડ સહકારી મંડળીના હોદ્દેદારો/જવાબદાર અધિકારીએ રાખવાની રહેશે.

(૧૪) આ યોજના અંગેનું ખર્ચ રાજ્ય સરકારના વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પદ્ધતિથી કરવાની રહેશે.

(૧૫) પ્રસ્તુત યોજના હેઠળ ખોલાવેલ ખાતામાં રાજ્ય સરકારશ્રી દ્વારા મળનાર ગ્રાન્ટ જમા કરવાથી ઉક્ત ખાતામાં વ્યાજ સહિત અન્ય તમામ પ્રકારની જે પણ આવક થાય તે તમામ આવક રાજ્ય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટનો જ હિસ્સો ગણવામાં આવશે.

(૧૬) આ યોજના હેઠળ જગ્યાઓની મંજુરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજુરી માટે દરખાસ્ત કરવાની રહેશે.

(૧૭) સને ૨૦૨૪-૨૫ ના વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૧૮) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૯) પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ તા.૦૧.૦૪.૨૦૨૪ પછી કરવાનો રહેશે.

3. આ અંગેનો ખર્ચ રાજ્યના સને ૨૦૨૪-૨૦૨૫ ના નાણાકીય વર્ષના અંદાજપત્રમાં નીચે દર્શાવેલ અંદાજપત્રીય સદર હેઠળની જોગવાઈમાંથી મેળવી તે સદર હેઠળ ઉધારવાનો રહેશે.

**સામાન્ય વિસ્તાર:-**

**માંગણી નંબર : ૫**
**સેક્ટર : ગ આર્થિક સેવાઓ**
**પેટા સેક્ટર : (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ**
**મુખ્ય સદર : ૨૪૨૫ : સહકાર**

ગૌણ સદર: ૧૦૮- અન્ય સહકારી મંડળીઓને સહાય
પેટા સદર : ૩૯ ખાંડ સહકારી મંડળીઓને લાંબાગાળાની લોનસામે વ્યાજરાહત
વિગતવાર સદર : ૦૦
હેતુ સદર : ૩૩૫૫ સહાયકી (ગ) અન્યને
હેડ ચાર્જેબલ :૨૪૨૫ ૦૦ ૧૦૮ ૩૯

આદિજાતિ વિસ્તાર:
માંગણી નંબર : ૯૬
સેક્ટર : ગ આર્થિક સેવાઓ
પેટા સેક્ટર : (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ
મુખ્ય સદર : ૨૪૨૫ : સહકાર
ગૌણ સદર : ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના
પેટા સદર: ૪૪ સીઓપી. ખાંડ સહકારી મંડળીઓને લાંબાગાળાની લોન સામે વ્યાજરાહત
વિગતવાર સદર : ૦૦
હેતુ સદર : ૩૩૫૫ સહાયકી (ગ) અન્યને
હેડ ચાર્જેબલ: ૨૪૨૫ ૦૦ ૭૯૬ ૪૪

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તારીખ:૧૫/૦૨/૨૦૨૪ ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.એચ.પ્રજાપતિ)
સેકશન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

૧. માન. મંત્રીશ્રી (કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમસંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
૨. માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (સહકાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
૩. રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
૪. ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૫. મહાલેખાકારશ્રી, ગુજરાત અમદાવાદ/રાજકોટ.
૬. નાણાંકીય સલાહકારશ્રી(કૃષિ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૭. આદિજાતિ વિકાસ વિભાગ (બજેટ શાખા), સચિવાલય, ગાંધીનગર
૯. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ(બજેટ શાખા), સચિવાલય, ગાંધીનગર
૧૦. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, આદિજાતિ વિકાસ નિગમ લિ., સેક્ટર-૨૦, ગાંધીનગર
૧૧. આઈટી શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૨. શાખા સિલેકટ ફાઈલ

Signature valid
Signed by:S.H PRAJAPATI
Section Officer
Date: 2024 06 18:31:57 +05:30

File No: ACD/KEF/e-file/2/2023/4913/KH Section - Sugar and Coop. S
Approved By: Secretary(Co-operation, Animal Husbandry,Cow Breedi
Open the document in Adobe Acrobat DC to verify the E-sign